## ભિલોડા-મેઘરજ બેઠકના ભાજપના ઉમેદવાર પી.સી.બરંડાએ હજ્જારો કાર્યકર્તાઓ અને સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભર્યું



ભિલોડા,તા.૧૫
અરવલ્લી જીલ્લાની ભિલોડા-મેઘરજ બેઠકના ભાજપના પુનઃ રિપીટ ઉમેદવાર પી.સી.બરંડાએ હજ્જારો કાર્યકર્તાઓ અને સમર્થકો સાથે વાજતે - ગાજતે ડી.જે ના તાલે સંગીત શુરાવલી વચ્ચે ભિલોડા મામલતદાર કચેરીમાં ઉમેદવારી પત્ર વિજય મુહૂર્તમાં ભર્યું હતું. અરવલ્લી જીલ્લા અને ભિલોડા,મેઘરજ તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, જીલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, સમર્થકો, ટેકેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા-મેઘરજ બેઠકના ભાજપના ઉમેદવાર પી.સી.બરંડાએ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભાજપનો ભગવો લહેરાશે,ભરોસાની ભાજપ સરકાર જીતશે તેવો સુર વ્યક્ત કર્યો હતો.

# ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાને મળતો વ્યાપક આવકાર

### સવારે બરવાવથી શરૂ થયેલો ચૂંટણી પ્રવાસ નવાપાતળીયામાં સંપન્ન, પ્રજાનો પ્રેમ જોઈ ઉમેદવાર ભાવુક થયા





બાયડ, તા.૧૫
ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપે ફરી એકવાર રમણલાલ વોરાને મેદાનમાં ઉતાર્યા પછી ગામડાઓમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન વ્યાપક સમર્થન મળી રહ્યું છે. સોમવારે શુભ મૂહર્તમાં વિધાનસભા બેઠક માટે દાવેદારી નોંધાવ્યા પછી મંગળવારથી તેઓએ બરવાવ ગામથી સવારે ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા. સારંગપુર, ઉમેદપુરા, રણાસણ, સાબલવાડકંપા, કાવા, પ્રતાપપુરા, મહિવાડા, અચરાલ, ગુલાબપુરા, મોવતપુરા, કલ્યાણપુરા, પેપલ્લા, રાવોલ, કમાલપુર અને નવાપાતળીયામાં પ્રચાર દરમ્યાન તેમને વ્યાપક આવકાર મળી રહ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં બીજા તબક્કામાં વિધાનસભાનો ચૂંટણી જંગ યોજાવવાનો છે. અત્યારે ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ રહી છે. ગુરૂવાર સુધીમાં અંશતઃ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારે ઈડર વિધાનસભા બેઠકમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક લોકોએ રમણલાલ વોરાને મેદાનમાં ઉતારવાની નિરીક્ષકો અને હાઈકમાન્ડ સમક્ષ માંગ કર્યા પછી ફરી એકવાર મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ગત રોજ ઉમેદવારી દરમ્યાન સ્વયંભૂ જનસેલાબ ઉમટ્યો તેનાથી હરિફો પણ ચોકી ઉઠ્યા છે. ઉમેદવારીપત્ર રજૂ કર્યા પછી ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ ઐતિહાસિક વિજય મળશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મંગળવારથી ગામે ગામ ચૂંટણી પ્રચાર શરૂ થયો જેમાં મોટી સંખ્યામાં ભાજપ સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, વિવિધ સમાજના આગેવાનો જોડાઈ રહ્યા છે. ચૂંટણી પ્રવાસના પ્રથમ દિવસે અનેક ગામોમાં તેમનું ભવ્ય સ્વાગત થતાં પ્રજાનો પ્રેમ જોઈ તેઓ વારંવાર ભાવુક થતા જોવા મળ્યા હતા. તમામ સમાજ અને આગેવાનોને સાથે લઈને કામ કરવાની તેમની કામગીરીના કારણે જ તેઓ સતત ઈડર વિધાનસભા બેઠકમાં જીતતા આવ્યા છે. આજે બુધવારે સવારથી નરસિંહપુરા, ઈટડી, ચિત્રોડા, બ્રહ્મપૂરી, રામપુર, મેસણ, કુવાવા, પોશીના, પોશીનાઘાંટી, વાંટડા, ચાંપા, મોટાકોટડા, જીતપુર, ધારાપુર, ગોકળપુરા, મહાભારત, રામાયણ, રૂવચ અને બોલુન્દ્રામાં ચૂંટણી પ્રવાસ કરશે.

### પાલનપુર કોંગ્રેસમાં ભારે ભડકો...

## પાલનપુરમાં કોંગ્રેસના સીટિંગ એમ.એલ.એ .મહેશ પટેલ ની ટિકિટ જાહેર કરવામાં કોંગ્રેસ દ્વારા વિલંબ

પાલનપુર તા. ૧૫
બનાસકાંઠા જિલ્લાનો પાટનગર પાલનપુર ની વિધાનસભાની સીટ ભાજપનો ગઢ ગણાય છે. પરંતુ છેલ્લી બે ટર્મથી અહીં કોંગ્રેસના મહેશ ભાઈ અમૃતલાલ સમર્થકોને આની જાણ કરી હતી. તેમના સમર્થકોમાં આનંદની લાગણી પ્રસરી ચૂંટણી લડી જીતીને હેટ્રિક કરવા તેમના સમર્થકોએ ફટાકડા ફોડી ફુલહાર પહેરાવી ખુશી વ્યક્ત કરી હતી. પરંતુ ગતરોજ કોંગ્રેસ દ્વારા ૩૦થી હતો. એકમાત્ર પાલનપુરના સીટિંગ એમએલએ મહેશ પટેલ નું નામ પાર્ટી દ્વારા હજુ સુધી જાહેર ના કરાતા ભારે હોબાળો કોંગ્રેસના કાર્યકર્તાઓમાં સર્જાયો છે.



પટેલ ધારાસભ્ય તરીકે જીત્યા છે. ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નું રણશિંગું ફૂંકાઈ ગયું છે. ત કોંગ્રેસની મોટાભાગની ટિકિટો જાહેર કરી દેવાય છે. બનાસકાંઠા જિલ્લાના તમામ બેઠકો પર કોંગ્રેસ ઉમેદવારો જાહેર કરી દીધા છે. મોટાભાગે સીટિંગ એમએલએ ને ટિકિટ ફાળવાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે,. બે દિવસ પહેલા પ્રદેશ કોંગ્રેસમાંથી સીટિંગ એમએલએ મહેશ પટેલ પાલનપુર અને કાંતિ ખરાડી દાંતા ને ચૂંટણી લડવાની તૈયારી કરવાનો ફોન આવ્યો હતો. ત્યારબાદ મહેશ પટેલે પાર્ટીના કાર્યકરો અને વધુ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી . જેમાં પાલનપુરના સીટીએમએલએ મહેશ પટેલ નું નામ ના હોવાથી તેમના કાર્યકરો અને મિત્ર વર્તુળમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પાલનપુર નગરપાલિકાના વિપક્ષમાં બેઠેલા કોંગ્રેસના ૯ એક જેટલા સભ્યો અને શહેર કોંગ્રેસના પદાધિકારીઓ કોંગ્રેસ કાર્યાલય પહોંચી ભારે રોષ ઠાલવી રાજીનામું આપવાની ધમકી આપવા ગયા હતા. પરંતુ કોંગ્રેસ કાર્યાલય મોટા તાળા જોવા મળ્યા હતા.આમ આજે દિવસ ભર પાલનપુર કોંગ્રેસમાં ભારે ભડકો થતા આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો

## મોડાસા કે બાયડ વિધાનસભા બેઠક પરથી હસમુખ સક્સેના નોંધાવશે અપક્ષ ઉમેદવારી, યુનિવર્સિટીની માંગ પ્રબળ

મોડાસા, તા. ૧૫
વિધાનસભાની ચૂંટણી આ વખતે રસપ્રદ બને તો નવાઈ નહી. ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મેદાને છે તો હવે નારાજ થયેલા કેટલાક નેતાઓ અને આગેવાનો હવે અપક્ષ ઉમેદવારી કરી રહ્યા છે, તેમાંય ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસના નેતાઓમાં નારાજગી વધારે જોવા મળી રહી છે.અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ચૂંટણી રસપ્રદ છે, મોડાસા વિધાનસબા બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ઉમેદવારો જાહેર કરી દીધા છે તો ભાજપે મોડાસા અને ભિલોડા બેઠક પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે પણ હજુ બાયડ બેઠક પર કોકડું ગૂંચવાયું છે ત્યારે પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ભાજપમાંથી પત્તુ કપાતા નારાજ ચાલી રહ્યા છે. હવે બંધારણીય અધિકાર આંદોલન સમિતિ પણ મેદાને ઉતરે તો નવાઈ નહીં. બંધારણીય અધિકાર આંદોલન સમિતિના આગેવાન હસમુખ સક્સેના પણ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવશે, પણ હજુ નક્કી નથી કે તેઓ બાયડ થી કે પછી મોડાસાથી ઉમેદવારી કરશે.અરવલ્લી જિલ્લામાં આરોગ્ય લક્ષી સેવાઓ અને શિક્ષણની સેવાઓને વધુ વિકસીત કરવા માટે હસમુક સક્સેના અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવશે, આ સાથે જ અરવલ્લી જિલ્લામાં આ વર્ષે યુનિવર્સિટીની માંગ પ્રબળ બની છે. ભાજપ યુનિવર્સિટીને લઈને હજુ સુધી કોઈ જ નિવેદન આપ્યું નથી તો આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને અપક્ષના ઉમેદવારોએ અરવલ્લી જિલ્લાને યુનિવર્સિટી મળે તે દિશામાં કામ કરશે તેવી વાત કરી હતી. મોડાસાના શામળાજી રોડ પર પત્રકાર પરિષદ યોજીને ચૂંટણીને લઈને જાણકારી આપી હતી.હસમુખ સક્સેનાએ જણાવ્યું કે, જે રીતે મહાનગરોનો વિકાસ થયો છે તેની તુલનામાં ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ થયો નથી. તેમણે એમ પણ જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ નાના-મોટા કામ માટે પાટણ સુધીના ધક્કા ખાવા પડે છે ત્યારે યુનિવર્સિટી માટે તેઓ કામ કરશે. આ સાથે જ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓની હાલત બિસ્માર છે અને વિકાસ રૂંધાયો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.



## બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ દાવેદારી નોંધાવી

### ફોર્મ ભર્યા પછી જીતના દાવા કર્યા, પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ગેરહાજર રહેતાં નવા-જૂનીના એંધાણ

બાયડ, તા.૧૫
બાયડ વિધાનસભા બેઠકમાં મંગળવારે ભાજપ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ વાજતે ગાજતે શુભ મૂહર્તમાં રીટર્નિંગ ઓફીસર સમક્ષ બાયડ પ્રાંત કચેરીમાં દાવેદારી નોંધાવી હતી. ફોર્મ ભર્યા પછી ભાજપ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ જીતના દાવા કર્યા છે પરંતુ ભાજપમાંથી ટીકીટ ન મળતાં નારાજ થયેલા ધવલસિંહ ઝાલાના સમર્થકોએ કમલમ સુધી મોરચો માંડ્યો હતો. ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમારે મંગળવારે ઉમેદવારીપત્ર રજૂ કર્યું ત્યારે પૂર્વ ધારાસભ્યની ગેરહાજરીથી નવા-જૂનીના એંધાણ મળી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપ કોને મેદાનમાં ઉતારશે તેને લઈને અનેક પ્રકારની અટકળો ચાલતી હતી. ભાજપ કોઈ નવા ચહેરાને જ મેદાનમાં ઉતારી જંગ જીતશે કે પછી જૂના જોગીને મેદાનમાં ઉતારી કોંગ્રેસના ગઢને ધરાશાયી કરશે તેવી અટકળો વચ્ચે મેઘરજના પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર(માલપુર)ને ભાજપે મેદાનમાં ઉતારી સૌને ચોંકાવી દીધા છે. સોમવારે હજારો સમર્થકોની ઉપસ્થિતિમાં તેઓએ વાજતે ગાજતે દોઢ કી.મી. રેલી યોજી આવેદનપત્ર રજૂ કર્યું ત્યારે જિલ્લા ભાજપ તેમજ તાલુકા અને શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભીખીબેન પરમારે બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપનો ૨૫,૦૦૦થી પણ વધુ મતથી વિજય થશે તેમ જણાવ્યું હતું. જ્યારે આમઆદમી પાર્ટીના ઉમેદવાર ચૂનીભાઈ બબાભાઈ પટેલે સમર્થકો સાથે ઢોલ-નગારા સાથે રેલી યોજી વાજતે ગાજતે દાવેદારી નોંધાવી હતી અને ભાજપ-કોંગ્રેસે બાયડ વિધાનસભા મતક્ષેત્રને વિકાસથી વંચિત રાખવાનું મહાપાપ કર્યું છે. પોતાને પ્રજાનું પ્રચંડ સમર્થન મળી રહ્યું છે અને પોતે અકલ્પનીય જીત મેળવશે તેવો દાવો કર્યો છે.





## સાબરકાંઠા જિલ્લામાં તલોદ તાલુકાને બે ઉમેદવારોને ટિકીટ ફાળવી...!!!

તલોદ તા. ૧૫
સાબરકાંઠા જિલ્લાની ચાર બેઠક માટે ભાજપ ના ઉમેદવારો માં બે બેઠક પર તલોદ તાલુકાના બે ઉમેદવાર મળતાં તાલુકાના કાર્યકરો માં ખુશી નો માહોલ જોવા મળ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા એમ ચાર વિધાનસભા બેઠક માટે ચારેય ઉમેદવારો ની જાહેરાત કરવામાં આવી છે જે પૈકી હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે ના તલોદ તાલુકાના વતની એવા બંને ઉમેદવારો ની જાહેરાત થતાં ભાજપ કાર્યકરોએ આવકારી બંને ઉમેદવારો ના વિજય ની અપેક્ષા રાખી હતી જિલ્લા ની ચાર બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ખેડબ્રહ્મા માં અશ્વિન કોટવાલ, ઈડર બેઠક પરથી રમણલાલ વોરા, હિંમતનગર બેઠક પર તલોદ તાલુકાના વતની અને પુર્વ કાયદા મંત્રી વિનેન્દ્રસિંહ ઝાલા ની પસંદગી કરેલ છે જયારે પ્રાંતિજ વિધાન સભાની બેઠક પર વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી ગજેન્દ્ર સિંહ પરમાર ના નામની જાહેરાત કરવામાં આવેલ જેઓ એ આજે ઉમેદવારી પત્ર રજૂ કર્યુ હતું. અત્રે નોંધનીય છે કે સમગ્ર ગુજરાત માં એક જ તાલુકાના બે નેતાઓને ટિકીટ ફાળવાઈ હોય એનું ગૌરવ એક માત્ર તલોદ તાલુકા ને ફાળે જાય છે. આમ બંને ઉમેદવારો વિજયી થાય એવુ કાર્યકરો એ આશાવાદ વ્યકત કર્યો હતો.



## હરસોલ ખાતે સ્નેહ સંમેલન અને નવચંડી યજ્ઞનુ આયોજન કરાયું



તલોદ તાલુકાના હરસોલ ખાતે આવેલ વારાહી માતાજીના મંદિરે ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ નું સ્નેહ મિલન અને નવચંડી યજ્ઞ અને સમાજના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નુ સન્માન નો કાર્યક્ર્મ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં સમાજનાં હોદેદારો અને ભાઈ બહેનો ઉપસ્થિત રહી નવચંડી યજ્ઞ ની પૂર્ણાહૂતિ બાદ મહાઆરતી કરી મહાપ્રસાદ નો લાભ લીધો હતો

## બાયડના રાજુભાઈ પુરોહીતના પત્નિનું દુઃખદ અવસાન

### આજે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ બેસણું યોજાશે



બાયડ તા.૧૫
બાયડમાં હોટલ પુરોહીતના નામથી જાણીતા બનેલા રાજુભાઈ એમ. પુરોહીતના પત્નિ હર્ષાબેન પુરોહીતનું દુઃખદ અવસાન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું આજે બુધવાર, તા.૧૬ નવેમ્બરે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ તેમના નિવાસસ્થાન સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧માં રાખેલ છે. સ્વર્ગસ્થ તેમની પાછળ પતિ તેમજ ૨ પુત્રો, ૧ દિકરી સહિત બહોળા પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

## ધનસુરા જિલ્લા પંચાયત સીટ વિસ્તારનો સ્નેહ મિલન કાર્યક્રમ શીકા ગામે યોજાયો

ધનસુરા, તા. ૧૫
ધનસુરા જિલ્લા પંચાયત સીટ વિસ્તારનો સ્નેહ મિલન કાર્યક્રમ શીકા ગામે યોજાયો હતો.સાથે મોડાસા વિધાનસભા ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયનુ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.વિધાનસભા ની ચૂંટણી ને અનુલક્ષીને શીકા ગામે ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયનુ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.જેમાં મોડાસા વિધાનસભા ના ભાજપ ના ઉમેદવાર ભિખુસિંહ પરમાર, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ના ચેરમેન હિરેનભાઈ પટેલ, ગુજરાત રાજ્ય સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ ના હિમાંશુભાઈ પટેલ,કાંતિભાઈ પટેલ,ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, અનિલભાઈ પટેલ,નરેન્દ્રભાઈ પટેલ, પ્રશાંતભાઈ પટેલ,જગદીશભાઈ ગોર, પ્રિતીબેન ઠેકડી,દુષ્યંત ચૌધરી, આશિષભાઈ ચૌધરી ઊપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ માં પાર્ટી ના હોદ્દેદારો તથા જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાંથી આવેલ તમામ કાર્યકર્તાઓનો જિલ્લા પંચાયત ના બાંધકામ સમિતી ના ચેરમેન હિરેનભાઈ પટેલ એ આભાર માન્યો હતો.



## વડગામ વિધાનસભામાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા ભાજપના ઉમેદવાર મણિલાલે ઉમેદવારી પત્ર ભર્યું

પાલનપુર તા.૧૫
બનાસકાંઠા જિલ્લાની વડગામ વિધાનસભા બેઠક એ લાંબા સમયથી કોંગ્રેસનો ગઢ બની ચુકી છે. આ બેઠક ભાજપના સ્વર્ગવાસી ફકીરભાઈ વાઘેલાને હરાવી કોંગ્રેસના મણીલાલ વાઘેલાએ વિજય મેળવ્યો હતો.
ત્યારબાદ બીજી ટર્મમાં કોંગ્રેસના ઉમેદવાર મણીલાલ ને કોંગ્રેસે અપક્ષ ઉમેદવાર જીગ્નેશ મેવાણીના સમર્થનમાં મેદાનમાંથી ખસી જવા આદેશ આપેલ. ત્યારે કોંગ્રેસ પાર્ટીના આદેશને માન આપી મણીલાલ વાઘેલાને ઈડરથી મેદાનમાં ઉતાર્યા હતા. જ્યાં તેમની ભાજપના ઉમેદવાર હિતુ કનોડિયા સામે કારમી હાર થઈ હતી. ત્યારબાદ થોડોક સમય રાજકીય સન્યાસ પછી મણીલાલ



વાઘેલા ભાજપમાં જોડાવાનો નિર્ણય કરી કેસરિયા કર્યા હતા. તેના બદલામાં ભાજપે આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં મણિલાલ વાઘેલાને મેદાનમાં ઉતારી અપક્ષ અને પાછળથી કોંગ્રેસમાં જોડાયેલા જીગ્નેશ મેવાણી કે જેઓ હાલ કોંગ્રેસના ઉમેદવાર છે તેમને કરારી હાર આપવા વડગામ ભાજપ સંગઠન અને પ્રદેશ ભાજપની ટીમ મણિલાલ વાઘેલાને જંગી મતે જીતાડવા તતપર બની છે. આજે મણીલાલ વાઘેલાએ ભાજપની નવી કેસરી ટોપી ધારણ કરી પોતાનું ઉમેદવારી પત્ર વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને ટેકેદારો સાથે મામલતદાર કચેરીએ પહોંચી ભર્યું હતું. વડગામમાં આવેલ છાપી ખાતે કેન્દ્ર સરકારની એનઆરસી ના વિરોધમાં તત્કાલીન ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ છાપી પંથકના મુસ્લિમ બિરાદરોને ઉશ્કેરી હાઈવે ઉપર પોલીસવાન હજારોની મેદનીએ બાલમાં લેતા વાતાવરણ તંગ બનતા જીગ્નેશ મેવાણી છું મંતર થઈ ગયા હતા. ત્યારબાદ પોલીસ કેસ માં લાંબા સમય સુધી જેલવાસ ભોગવેલા છાપી પંથક વડગામ પંથકના અનેક મુસ્લિમ બિરાદરો ના હાલ ચાલ પૂછવા પણ જીગ્નેશ મેવાણી ફરક્યા નહોતા. આ અને બીજી અનેક બાબતો તથા ખાસ વડગામ પંથકના વિકાસ માટે મણિલાલે કમર કસી છે. આજે શુભ મુહૂર્તમાં વડગામ વિધાનસભાના ભાજપના ઉમેદવાર મણીલાલ વાઘેલાએ ભારત માતાકી જયના જય ઘોષ સાથે ઉમેદવારી પત્ર ભરી ચૂંટણી જંગમાં જીતના આત્મવિશ્વાસ સાથે ઝંપલાવ્યું છે.